3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૩૨

વર્ષ-૫ • અંક-૨૧૦ • સળંગ અંક - ૧૭૧૫ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૫૬.૩૧
સવંત - ૨૦૮૦
કારતક વદ-૦૫, શુક્રવાર
તા. ૦૧-૧૨-૨૦૨૩
સૂર્યાસ્ત - ૦૫.૫૮.૩૬

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે** | **'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'** | **www.kutchipatrika.org**



**મોટા કાંડાગરા**ના **જયેશ તારાચંદભાઈ છેડા** (ઉ.૫૧) તા. ૨૫-૧૧-૨૦૨૩ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. લક્ષ્મીબેન જગશી ચાંપશીના પૌત્ર. હંસાબેન તારાચંદભાઈના પુત્ર. પ્રીતીના પતિ. કિરણ, દિપના પિતા. જીનલના સસરા. પ્રિશાના દાદા. જીગરના ભાઈ. જીજ્ઞાના જેઠ. દેવ, દક્ષના કાકા. ગીરીશ, મહેશ, લહેરી, ભુજપુર નિર્મલાબેન ધીરજ, બિદડા કસ્તુરબેન મણીલાલ, સમાઘોઘા રસિલાબેન મુકેશના ભત્રીજા. દુર્ગાપુર મણીબેન પ્રેમજી વીરજી ભેદાના દોહીત્ર. કિશોર, નીતીન, શૈલેષના ભાણેજ. રાયધણજરના દમયંતીબેન કાંતીલાલ શામજી ગડાના જમાઈ. કૌશિક, મીતાના બનેવી. રીનાના નણંદોઈ. વડાલા રાકેશ મનસુખના સાઢુભાઈ. માહીના ફુઆ. પ્રવિણ, ચંદ્રકાંત, શેરડી પ્રેમીલાબેન, દેવપર સુશીલાબેન, મો. ઉનડોઠ પુષ્પાબેનના ભત્રીજી વર. ભોજાય દેવકાંબેન મગનલાલ ચાંપશી પાસડના દોહીત્રીવર. નવિન, લક્ષ્મીચંદ, મણીલાલ, જીતેશ, શેરડી કમળાબેન, નરેડી લતાબેન, મોથારા નલીનીબેનના ભાણેજી વર. ના. તુંબડીના રશ્મી પ્રવિણ મગનલાલ સતીયાના વેવાઈ. **પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામી નારાયણ મંદિરની પાછળ, દાદર (ઈસ્ટ), મુંબઈ-૧૪.** ટા. ૩ થી ૪.૩૦. નિ. હંસાબેન તારાચંદ છેડા, માતુશ્રી, પ્લોટ નં. ૧૬, નિર્મલસિંહ વાડી, ભુજ, કચ્છ-૩૭૦૦૦૧. મો. ૯૭૨૬૯૯૭૮૮૦.

4/1/1 --------- (1-1)



**ગોધરો**ના **ઝવેરચંદ લખમશી સાલીયા** (ઉં. વ. ૫૯) તા. ૨૮/૧૧/૨૩ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. વેલબાઈ કાનજીના પૌત્ર. મુલબાઈ લખમશીના પુત્ર. જયશ્રીના પતિ. હેતવીના પિતા. જેન્તીલાલ, તારાબેન, અમૃતબેન, ગુણવંતી, કુસુમના ભાઈ. જ્યોતીના દિયર. ભચાઉ રતનશી કરમશી, પ્રતાપપુર હરિલાલ વિરજી, બેરાજા અમૃતલાલ દેવજી, તુંબડી હિતેશ જેઠાલાલના સાલ. ગ્વાલીયર સરજુબેન બલરામ ગુપ્તાના જમાઈ. જીતેન્દ્ર, સાધના, અનિતા, પ્રિતીના બનેવી. પલક, ઉર્વીના કાકા. બિદડા કેયુર જીતેન્દ્ર, કોડાય દેઉલ કિરીટના કાકાઈ સસરા. શાન્તીલાલ, ઉમેદ, કિરણ, દર્શન, રમીલા, વૈશાલી, ચૈતાલી, ચાર્મીના મામા. પરમજીત, ખુશ્બુ, હરેશ, રજનીકાંતના મામાઈ સસરા. ગોધરો કેશરબેન કુંવરજી, રતનબેન નાનજી, નેણબાઈ ઉમરશી, લક્ષ્મીબેન રામજી, નાનબાઈ કરમશી, બાડા કંકુબેન હરશીના ભત્રીજા. કોકલીયા લિલબાઈ આશુના દોહિત્ર. દેવકાંબેન હિરજી, રાયણધરજર બાયાંબાઈ રાયશી, દેવકાંબેન ખેતશી, વિંઢ હિરબાઈ મુલચંદ, ચાંગડાઈ ગંગાબાઈ પ્રેમજી, ડુમરા રતનબેન દેવજીના ભાણેજ. બિદડા જ્યોતી જીતેન્દ્ર, કોડાય અનિતા કિરીટના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. અમૃતબેન ગાલા, ૧૪, આરોગ્ય નિલાયમ, કિસન નગર-૩, થાણા-૬૦૪. ફોન આવકાર્ય : ૯૮૬૭૬૩૮૫૮૫, ૭૦૪૫૨૮૫૯૩૩.

4/1/1 --------- (1-2)



**સાભરાઈ**/સોલાપુરના **ચંદ્રકાંત દામજી વિસરીયા** (ઉ.વ. ૬૩) ટૂંકી માંદગીથી તા. ૨૯-૧૧-૨૩ ના અવસાન પામેલ છે. જયાબેન દામજી વેલજીના સુપુત્ર. સુનીતાના પતિ. દિતી, ખ્યાતિના પિતા. બાડા કલ્પના, જિતેન્દ્ર (જયપુર)ના ભાઈ. રૂપલના જેઠ. દિશા, ઋષભના કાકા. બાડા તુષાર ખીમજીના સાલ. શુભમના મામા. ખારુઆ મઠામાં કુંવરજી, દેમુબાઈ કલ્યાણજી, માપર સાકરબાઈ ખીમજી, હેમલતા લક્ષ્મીચંદ, ચંચળબેન શાંતિલાલના ભત્રીજા. માપર લક્ષ્મીબેન ભાણજી મુરજીના દોહીત્ર. મંજુલાબેન ધનજી, વેજબાઈ (નાનબાઈ) ધનજીના ભાણેજ. ગંગાબેન લખમશી, દેવકાબેન દેરાજ, કુંવરબાઈ મેઘજી, જયાબેન જીવરાજના ભત્રીજી પુત્ર. ઈચલકરંજીના કુસુમ અન્નસાહેબ કાગવાડેના જમાઈ. સાંગલી લલિતા રાવસાહેબ, નેરુલ લતા રમેશ, યોગીતા ભરતના બનેવી. તેજલ, રૂપાલી, કૌસ્તુભ, રોહન, સોનિયાના માસા. ધીરજ, પ્રવીણ, રમેશ, કાંતી, વસંત, મહેન્દ્ર, મનોજ, અજીત, મેહુલ, પુષ્પા, જયા, પ્રભા, ગુણવંતી, લીલાવંતી, જયવંતી, મીનાના કાકાઈ ભાઈ. જવેર, મણી, જયા, મંજુલા, જ્યોતિ, વસંત, મહેન્દ્રના ફો. ભાઈ. ચેતન, પંકજ, ખુશાલના મામાઈભાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. સુનિતા વિસરીયા, ક્રિષ્ના પેલેસ, પ્લોટ નં. બી-૫૬, સેક્ટર-૧૬ ઉલવે, નવી મું. ૪૧૦૨૦૬. સુનીતા-૯૮૮૧૦૭૩૦૨૦, જીતેન્દ્ર-૯૫૨૯૮૯૭૯૨૧, કલ્પના-૯૩૨૧૯૦૯૯૭૭.

4/1/1 --------- (1-3)



**બાંભડાઈ**ના **જેઠાલાલ મુરજી છેડા** (ઉ. ૬૬) તા. ૨૯-૧૧-૨૩ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. જેતબાઈ નાનજીના પૌત્ર. લક્ષ્મીબેન મુરજીના સુપુત્ર. કસ્તુરના પતિ. પ્રતિક, પ્રિયંકાના પિતા. દીવીતાના દાદા. માવજી, દેવચંદ, પ્રવિણ, કેસરબેન, લીલાવંતી, ધનવંતીના ભાઈ. રતનબેન, વિજયાબેનના દેર. ટીનાના જેઠ. જયશ્રી ચંદ્રેશ, નમ્રતા હેમંત, ગીતા મનીષ, રાજેશ, શૈલેષ, પ્રિતેશ, પ્રિયા, અંકિતના કાકા. હાલાપરના ગોરબાઈ જેઠાલાલના દોહીત્ર. મણીબેન વસનજીના ભાણેજ. હાલાપરના કાંતીલાલ નરશી, મેરાવાના ધીરજ શામજી, બાડાના હરખચંદ કાનજીના સાલ. માપરના રતનબેન ગેલાના પૌત્રીવર. દેવકાંબેન કુંવરજી મારૂના જમાઈ. દેવચંદ, મંજુલા, ધનવંતી, લક્ષ્મીચંદ, ચંચળના બનેવી. ચંચળ, ચંદનના નણંદોઈ. નરેડીના નરસી ચના, ગઢશીશાના જેઠાલાલ મુરજીના સાઢુભાઈ. વિંઢના જેઠા ચાંપશીના દોહીત્રીવર. મેઘબાઈ નાનજીના ભાણેજી વર. સાભરાઈના મુલબાઈ હંસરાજ, માપરના મણીબેન ખીમજી, ચીયાસરના કુંવરબાઈ કુંવરજી, વિંઢના મેઘબાઈ નાનજીના ભત્રીજી વર. મલાડના હનીફભાઈના ભાઈતુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે.** નિ. જેઠાલાલ મુરજી છેડા, ડી/બી-૨, સરસ્વતી ત્રિવેણીનગર, કુરાર વિલેજ, મલાડ (ઈસ્ટ), મું. ૯૭. મો. કસ્તુર-૯૮૧૯૪૪૫૨૭૧, પ્રતિક-૯૮૬૭૦૬૦૨૨૧.

4/1/1 --------- (1-4)






**કપાયા**ના **હીરજી લાલજી ભેદા** (ઉ.વ. ૯૦) ટુંકી માંદગીથી તા. ૨૬-૧૧-૨૩ના અવસાન પામેલ છે. માતુશ્રી ગંગાબાઈ લાલજી શ્રીપાળ ભેદાના સુપુત્ર. સ્વ. સુંદરબેનના પતિ. મનસુખ, અરૂણા, ભારતી, નયનાના પિતા. નાની તુંબડી પ્રકાશ દામજી, સાડાઉ પરેશ માવજી, વડાલા કેતન કુંવરજીના સસરા. સ્વ. ડોનિકા, ભવ્ય, સ્મિત, પ્રિત, હોનિશ, આદિશના નાના. ગામ શેરડી રાહુલ જયંતીલાલના નાના સસરા. સ્વ. ધનજી, સ્વ. કુંવરજી, સ્વ. લખમશી, માવજીના ભાઈ. સ્વ. પાનબાઈ, સ્વ. ગંગાબાઈના દેર. સ્વ. રૂક્ષ્મણીબેન, સ્વ. રંજનબેનના જેઠ. તારા, સ્વ. પ્રવિણ, વિશાલ, ભાવના, મનોજ, અલ્પેશ, કુંજલ, અનિશાના કાકા. પ્રદિપ, ફોરમ, કરીશ્મા, અશ્વીન, ચાંદની, રાકેશ, બીપીનના કાકાઈ સસરા. ખેતશી શ્રીપાળના ભત્રીજા. લુણીના રાજઈમા જેઠાલાલના દોહીત્ર. ટોડા માતુશ્રી સાકરબેન મગનલાલ હંસરાજના જમાઈ. મોટી ખાખર કસ્તુરબેન મહેન્દ્રના બનેવી. અરવિંદ, સંજયના માસા. લાખાપુર લાલજી વેલજીના દોહીત્રી વર. નાની તુંબડી દામજી ખીમજી સાવલા, સાડાઉ માવજી જીવરાજ ગાલા, વડાલા કુંવરજી આસમલ ગાલાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. મનસુખ ભેદા, સી/૪૦૩, શંખેશ્વર પાર્ક, ખંબાલ પાડા, ભોઈરવાડી, ડોંબીવલી (પૂર્વ) ૪૨૧૨૦૧. મો. મનસુખ-૮૦૮૦૭૮૪૮૮૮.

4/1/1 --------- (1-5)

### (JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે દૈનિક પચ્ચખાણ બારાખડી પ્રમાણે ખ : ખજૂર, ખારેક ખુદ માટે ખરીદવી / વાપરવી નહીં. (ત્યાગ વૃત્તિ વધારી. તપ કરવા).

- સાપ્તાહીક પચ્ચખાણ ૨૬-૧૧ થી ૨-૧૨. ખાંડણી દસ્તો ખરીદવો નહીં. (સંગ્રહવૃતિ ટાળી જીવ હિંસાથી બચવા).
- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

4/1/1(13) --------- (A-15605)(1-6)

# સંસ્થાકીય મિટીંગ

## શ્રી વાંકી આ.કો.મો.પ.સ્થા. જૈન સંઘ તથા શ્રી વાંકી આ.કો.મો.પ.સ્થા. જૈન સંઘ ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ તથા શ્રી વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ ચેરિટેબલ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા. ઉપરોક્ત બંને સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા તા. ૧૦/૧૨/૨૦૨૩ રવિવાર બપોરના ૩ થી ૬ કલાક દરમ્યાન શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી ચંદ્રકાંત લઘુ નીસર હોલ, ૨જે માળે, ડો. ડી સિલ્વા રોડ, દાદર (વે ), મુંબઈ–૨૮ ખાતે નીચે મુજબની કાર્યવાહી માટે મળશે.

● સાધારણ સભાની કાર્યવાહી નીચે આપેલા અજેન્ડા મુજબ રહેશે. વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થા.જૈન સંઘ (૧) ગત સાધારણ સભાની મીનીટસનું વાંચન અને બહાલી. (૨) ગામ વાંકીના સુશ્રાવક શ્રી વસંત ગાંગજી આસરીઆ ગાલાની સુપુત્રી મુમુક્ષુ નમ્રતાબેનની તા. ૦૭/૦૩/૨૦૨૪ ના વાંકી મુકામે નિર્ધારિત ભાગવતી દીક્ષા નિમિતે આયોજિત વિવિધ કાર્યક્રમ તથા દાન અંગે નાં નકરાનો અહેવાલ અંગે ચર્ચા વિચારણા કરવા. (૩) વાંકી મધે ગુરુ મંદિરના રીપેરીંગ બાબત આવેલ શરતી દાન ની ઓફર અને તેને અનુલક્ષીને પશુ–પક્ષી ચિકીત્સાલય કેન્દ્ર ગુરુ મંદિર ખાતે શરૂ કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા. (૪) વર્ષ ૨૦૨૨–૨૩નાં ઓડિટેડ હિસાબની રજૂઆત અને બહાલી. (૫) વર્ષ ૨૦૨૩–૨૪ માટે ઓડિટરની નિમણુંક તથા મહેનતાણું નક્કી કરવા. (૬) પ્રમુખશ્રીની મંજુરી થી અન્ય કોઈ પણ બાબત પર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા.

● વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ ચેરિટેબલ ટ્રસ્ટ (૧) ગત સાધારણ સભાની મિનીટસનું વાંચન અને બહાલી. (૨) વર્ષ ૨૦૨૨–૨૩નાં ઓડિટેડ હિસાબની રજૂઆત અને બહાલી. (૩) વર્ષ ૨૦૨૩–૨૪ માટે ઓડિટરની નિમણૂંક તથા મહેનતાણું નક્કી કરવા. (૪) આગામી દિક્ષા મહોત્સવ દરમ્યાન અતિથિગૃહ નાં વપરાશ અંગે ની અરજી અને ફાળવણી બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા. (૫) પ્રમુખશ્રીની મંજુરી થી અન્ય કોઈ પણ બાબત પર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા.

● નોંધ : સભાની કાર્યવાહી અગત્યની હોવાથી સંઘના સર્વેભાઈઓને સભામાં સમયસર હાજર રહેવા નમ્ર વિનંતિ. નિયત સમયે કોરમના અભાવે મુલ્તવી રહેલ સભા ૩૦ મિનિટ બાદ તે જ સ્થળે ઉપરોક્ત અજેન્ડા માટે ૩–૩૦ કલાકે ફરીથી મળશે. તેમાં થયેલ કાર્યવાહી કાયદેસર અને સર્વેને બંધનકર્તા રહેશે. સભા સમાપ્તિ થયા બાદ ચા– પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. લિ. મંત્રીઓ.

4/1/1(2) -------- (A-15909)(2-1)

## શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા (વેસ્ટ) સભ્યો જોગ

ઉપરોક્ત સમાજનાં સર્વે સભ્યોની એક સાધારણ જનરલ સભા તા. ૦૫-૧૨-૨૦૨૩, મંગળવાર રાત્રે ૮.૦૦ કલાકે સમાજના હોલમાં બોલાવવામાં આવેલ છે. તો સર્વ સભ્ય ભાઈઓએ હાજર રહેવા વિનંતી. એજન્ડા :

● (૧) આગલી મીટીંગની મીનીટસનું વાંચન અને બહાલી

● (૨) વષ ૨૦૨૨-૨૦૨૩ ઓડીટ રીપોર્ટ રજુ કરવો.

● (૩) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ વર્ષનું અંદાજીત બજેટ નક્કી કરવું

● (૪) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે ઓડીટરની નિમણુંક કરવી.

● (૫) ઘાટકોપરમાં લીધેલ જગ્યાની જાણ કરવી, એના ઉપર ચર્ચા કરવી

● (૬) પ્રમુખશ્રીની સંમતિમાં જે રજુઆત થાય તે

● (૭) કોરમના અભાવે મુલ્તવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી એ જ સ્થળે મળશે. તેમાં થયેલ કાર્યવાહી બંધારણીય ગણાશે.

● નોંધ : મીટીંગ રાત્રે ૮.૦૦ વાગે સમયસર ચાલુ થઈ જશે તો સમયસર પધારવા વિનંતી. જનરલ સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. લિ. માનદ્ મંત્રીઓ : શ્રી નિલેશ રવજી દેઢીયા, શ્રી વિજય શામજી શાહ.

4/1/1(37) -------- (A-15874)(2-2)

## ! ઘાટકોપર !
## ‘શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ’

ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો. વર્તમાન આચાર્ય પ.પૂ. શ્રી ભાઈચંદ્રજી સ્વામીને નિત્યવંદના.

● આગામી સમુહ સામાયિક : તા. ૩.૧૨.૨૦૨૩, રવિવાર (સવારે ૯.૦૦ કલાકે) સ્થળ : રૂઈયા હોલ, રાષ્ટ્રીય શાળા, ૧લે માળે, ઘાટકોપર (ઈસ્ટ).

● લાભાર્થી પરિવાર : સ્વ. કાંતાબેન વર્ધીલાલ ત્રેવાડીયાની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે હા. વર્ધીલાલ ચુનીલાલ ત્રેવાડીયા પરિવાર. (ગામ : ૨વ / મુંબઈ : ઘાટકોપર) સામાયિક પૂર્ણ થયા બાદ ‘નવકારશી’ની વ્યવસ્થા રાખવામાં આવી છે. સર્વેને સારી સંખ્યામાં પધારીને ધર્મ આરાધના કરવાનો લાભ લેવા નમ્ર વિનંતી. (આ વ્યવસ્થા ફક્ત ઘાટકોપર આઠ કો.મો. જૈન સંઘ પુરતી મર્યાદિત છે.)

● લિ. શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ – ઘાટકોપર સર્વે કમિટી મેમ્બરોના જય જિનેન્દ્ર.

● સંપર્ક : (૧) જયસુખ દોશી : 9825987775, (૨) સુરેશ સંઘવી : 9324071088

2/1/1(23) -------- (A-15856)(2-3)

## ટ્રેકીંગ ન્યુઝ - SSC - HSC Sp.
## બીજલી મહાદેવ ટ્રેક– કુલ્લી (હીમાચલ)

ટ્રેકીંગ અને એડવેન્ચર સ્પોર્ટના પ્રણેતા છેલ્લા ૩૬ વર્ષથી આયોજન કરતી સંસ્થા દ્વારા આયોજીત. બીજલી મહાદેવ ટ્રેક. કુલ્લુ (હીમાચલ) HSC, SSC Sp. Hight - 4318 મીટર. તા. ૨ એપ્રીલથી ૧૨ એપ્રીલ ૨૪ ચાર્જ ૨૪૦૦૦/– સાથે રાફટીંગ અને મનાલી સાઈટસીઈંગ આવવા જવાનું A/ C Train / Volvo Bus. જ્ઞાતી બાધ નથી વધુ વિગત તથા નામ નોંધાવા. ગીતા ગાલા : ૯૮૨૧૦૩૫૩૯૧, જીતુ : ૯૮૨૦૦૦૨૦૫૦, રીટા છેડા : ૯૮૧૯૭૭૩૭૭૦, ભુમીકા દેઢીયા : ૯૮૬૯૩૦૭૬૬૭. લી. મંત્રીઓ.

2/1/1(28) -------- (A-15885)(2-4)

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

## તા. ૧ ડિસેમ્બર–સેવા સમાજ ‘શુભેચ્છક દાતા’

પુજ્ય દાદાશ્રી હેમરાજ હંસરાજ ખીમસરીયાની પુણ્યતિથિ નિમિત્તે શ્રી ચુનીલાલ ખીમસરીયા, શ્રી દામજી ખીમસરીયા હસ્તે શ્રી દિપક ચુનીલાલ ખીમસરીયા અને શ્રીમતી રિદ્ધી હીરજી હંસરાજ ખીમસરીયા (મોટી ઉનડોઠ) તરફથી.

● પુજ્ય સ્વ. માતુશ્રી રાજબાઈ દામજી હંસરાજની પુણ્યતિથિ નિમિત્તે શ્રીમતી દમયંતીબેન ચુનીલાલ ખીમસરીયા હસ્તે શ્રી સુમીત ચુનીલાલ ખીમસરીયા અને શ્રીમતી હેમલતા હીરજી ખીમસરીયા (મોટી ઉનડોઠ) તરફથી.

● સ્વ. શ્રીમતી કસ્તુરબેન કુંવરજી નાનજી કેનીયનાં સ્મરણાર્થે શ્રી કુંવરજી નાનજી કેનીયા પરીવાર (બારોઈ) તરફથી.

● શ્રી ચંપક ગાંગજી દેઢીયા (ભુજપુર) નાં જન્મ દિવસ નિમિત્તે બહેનો – વિમળા નવિન છેડા (ભુજપુર) અને કંચન રમેશ ફુરીયા (બિદડા) તરફથી.

● સ્વ. શ્રી વાલજી ભાણજી ગડા (સામખીયારી) ની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી સંતીબેન ભાણજી પરીવાર તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ ‘શુભેચ્છક દાતા’ યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/– (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦–જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(32) -------- (A-15882)(2-5)

## શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા શૈક્ષણીક સન્માન સમારોહ

કુરલા સેવા સમાજની હદ વિસ્તારની અંદર રહેતા તેમજ ધંધો કરતા શ્રી ક.વિ.ઓ. તથા વાગડવાસી પરીવારોના છેલ્લા ૨૦૨૩માં પાસ થનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનું શ્રી ક.વિ. ઓ. જૈન સેવા સમાજ કુરલા (વેસ્ટ) વતી બહુમાન કરવામાં આવશે. ૨૦૨૩માં પાસ થનાર જ રીઝલ્ટની ઝેરોક્સ કોપી મોકલવી.

● ધો. ૧ થી ૪ : ૯૦% એ ગ્રેડ, ધો. ૫ થી ૭ ૮૫% એ ગ્રેડ, ધો. ૮ થી ૧૦ (S.S.C.) એ ગ્રેડ ૭૫%, ધો. ૧૧ થી ૧૨ આર્ટસ, કોમર્સ, સાયન્સ ૭૫%, ધો. ૧૩ ગ્રેજ્યુએશન B. com, B.A, B.sc ૬૦%, ડિપ્લોમા ENGINEERING, હોમ સાયન્સ અને અન્ય ૭૫%, પોસ્ટ ગ્રેજ્યુએશન M.com, B.A., M.A., MSC, MMS, C.A., BMS, BE, MBBS, L.L.B. અન્ય ઉત્તિર્ણ સોલીસીટર મેડીકલ, મેડીકલ ક્ષેત્ર M.S., M.D., Phd, CWACS ફાઉન્ડેશન ઈન્ટરફાઈનલ ઉત્તિર્ણ.

● ધાર્મિક પરીક્ષા બધી શ્રેણી ૭૦% (રેગ્યુલર) (ઓપન બુક વાળાને ફોર્મ ન ભરવા માટે વિનંતી.)

● દરેક વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ ફોર્મ ભરી રીઝલ્ટની ઝેરોક્ષ કોપી સાથે તા. ૧૫-૧૨-૨૦૨૩, શુક્રવાર સુધી આપી જવા વિનંતી. રીઝલ્ટની ઝેરોક્ષ કોપી સાથે ઓરીજીનલ કોપી લાવવાની રહેશે. ધો. ૧ થી ૯ અને ધો. ૧૧માં વાર્ષિક એવરેજ % ગણવામાં આવશે.

● શૈક્ષણીક સન્માન સમારોહનાં ફોર્મ ઓફિસમાંથી મેળવી લેવા. ટાઈમ સવારનાં ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી. તા. ૧૫-૧૨-૨૦૨૩, શુક્રવાર સુધી ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ છે. શૈક્ષણીક સન્માન સમારોહના ફોર્મ તા. ૧૫-૧૨-૨૦૨૩ પછી કોઈ પણ સંજોગોમાં લેવામાં આવશે નહીં. એ માટે કોઈ પણ ટ્રસ્ટી, અધિકારીઓને શરમાવશો નહીં. લિ. શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા : માનદ્ મંત્રીઓ.

4/1/1(36) -------- (A-15875)(2-6)

# શૈક્ષણિક

## સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ સોનગઢ રત્નાશ્રમ

સમયનો પ્રવાહ અવિરત ચાલતો રહે છે અને સમય પ્રસાર થતો જાય છે અને રહી જાય છે એની સ્મૃતિ અને તેમની પાછળ થતા સુકૃત કાર્યો આ વાક્યને ચરિતાર્થ કરતા ગામ–નાગલપુર–સાયનના અ.સૌ. કુસુમબેન શશીકાંત કાનજી વીરાની તા. ૩૦-૧૧-૨૦૨૩ના રોજ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી શશીકાંતભાઈ અને પરિવારજનોએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/– અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી. જ્યાં સમાજના ૫૧૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર ટેકનોલોજી અને ધર્મયુક્ત સંસ્કારો મેળવી રહ્યા છે. લિ. ભરત ખીમજી દેઢિયા – ભૂ.વિ. મંડળ સભ્ય– દેશલપુર કંઠી : ૯૮૨૦૧૯૩૩૩૬.

2/1/1(29) -------- (A-15884)(2-7)

## નાનકડો સરખો સમાજ એટલે સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ એ ઘર પણ છે અને નાનો સરખો સમાજ પણ છે. એમાં ઘરનો સ્નેહ પણ છે, માં–બાપ રૂપી ગૃહપતિ તેમજ શિક્ષકોનો પ્રેમ અને વ્હાલ પણ છે અને સહાધ્યાસી ભાઈઓની હુંફ પણ છે તેમજ સમાજ નિયમનની કડકાઈ પણ છે અને વડીલોનું ડહાપણ અને યુવાનોનું સાહસ પણ છે. કચ્છ– મેરાવા માતુશ્રી જયાબેન હરખચંદ રતનશી દેઢિયા એ સોનગઢ રત્નાશ્રમમાં હાલે ૫૧૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ કર્મચારીના નાનકડા સમાજને નિહાળી વિદ્યારૂપી રૂપિયા ૧૧૦૦૦/– નું અનુદાન આપેલ. સોનગઢ રત્નાશ્રમ પરિવાર દાતા પરિવારની અનુમોદના કરે છે તેમજ આપ પણ સોનગઢ રત્નાશ્રમ વિદ્યાદાતા યોજનામાં લાભ લઈ શકો છો. લિ. સંજય હરખચંદ દેઢિયા – કારોબારી સભ્ય – વડાલા – ૯૮૧૯૦૨૯૦૧૪

2/1/1(31) -------- (A-15883)(2-8)

## જોગેશ્વરી નગરે અચલગચ્છ ભવને શાહી અડદીયા પાક–ગુંદરપાક–ખજુર પાક

શ્રી જોગેશ્વરી નગરે અચલગચ્છ ભવને મધ્યે જાત દેખરેખ હેઠળ બનાવેલ શુધ્ધ સાત્વિક ઉચ્ચતમ ગુણવત્તાવાળુ વસાણા થી ભરપુર સ્વાસ્થ્યવર્ધક શાહી અડદીયા પાક–શાહી ગુંદરપાક, સુગર ફ્રી ડ્રાયફ્રુટ ખજુર પાક તૈયાર છે. સંપર્ક : 9870061749, 9920818123, 9321793493. નીચેના સેન્ટરોમાં માલ ઉપલબ્ધ છે.

● (૧) ભાવેશ સાવલા, જી–૨૫, દાણાબંદર–વાશી–9867545773.

● (૨) મામલ ફુડ, શોપ નં. ૪, તુલસી ભવન RHB રોડ, મુલુંડ (વે.) 8693835501.

● (૩) વિપુલ સાવલા, આનંદ અમૃત CHS પાર્લા (ઈ.) 9819832047, 9833502131.

● (૪) પારસ મસાલા, જુના નાગરદાસ રોડ કોર્નર, અંધેરી (ઈ.) 9867374236.

● (૫) છેડા સેલ્સ, કિરણ ઈન્ડ. ઈસ્ટેટ, ગોરેગામ (વે.) 9619533889.

● (૬) નવ જનતા સ્ટોર્સ, નર્સીંગ લેન, મલાડ (વે.) 9820473690.

● (૭) વિધિ ગૃહ ઉદ્યોગ, શાંતિનગર, મીરા રોડ. 9987980437.

● (૮) ઝરણા ગૃહ ઉદ્યોગ, થાણા (વે.) 9920550313, 9372822763.

● (૯) ગુડલક જનરલ સ્ટોર્સ, Opp. વાડીયા સ્કુલ, અંધેરી (વે.) 9326631338, 9819983556.

● (૧૦) ધવલ મહેન્દ્ર દેઢીયા, M.G. કોમ્પલેક્ષ, વાશી. 9930688465, 9004706978. એરીયા વાઈઝ વેચાણ સેન્ટર માટે સંપર્ક કરશો. લિ. પ્રસાદમ્ કેટરર્સ.

4/1/1(42) -------- (B-15910)(2-9)

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

**શ્રી ઘાટકોપર આઠ કોટી નાની પક્ષ સ્થા. સંઘ મહિનાનો પ્રથમ રવિવાર, તા. ૩ ડિસેમ્બર**

સંઘના નેજા હેઠળ આ મહિનાના પહેલા રવિવાર તા. ૩ - ૧૨ના સવારે ૯.૩૦ થી ૧૧.૩૦માં દેશલપુરના સુશ્રાવક શ્રી વૈભવ ગાલા 'પ્રભુ મહાવીરનો MISSED કોલ' વિષય પર ખૂબ જ સરળ ભાષામાં સમજણ આપશે.

● શનિ. તા. ૨-૧૨ના રોજ સવારના ૧૦ થી ૧૨ GTM પાઠશાળા રહેશે.

● સમૂહ સામાયિક શ્રાવકો માટે દરરોજ સવારે ૭.૩૦ થી ૧૧ તથા શ્રાવિકાઓ માટે દર સોમવાર તેમજ આઠમ - પાંખીના બપોરના ૨.૩૦ થી ૪.૩૦

● સંઘના તથા અન્ય સંઘોના સાધર્મિકો, યંગસ્ટરોએ આ ધર્મ આરાધનામાં બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

● સ્થળ : જ્ઞાન જ્યોત આરાધના હોલ, ઈસ્ટ પોઈન્ટ, ૮મે માળે, હિંગવાલા લેન, ૯૦ ફીટ રોડ કોર્નર, ઘાટકોપર (ઈ.)

● પત્રિકા સૌજન્ય : માતુશ્રી જયાબહેન મોહનલાલ શાહ પરિવાર-ગામ - અંજાર. લિ. મંત્રીઓ.

2/1/1(24) -------- (A-15873)(4-1)

**શ્રી મલાડ / ગોરેગામ આ.કો.ના.પ. સ્થા. જૈન સંઘ**

સેલ્ફી કે સેલ્ફ - ૧, સેશન ૪, જેમાં ખાસ કરીને ટીનેજર્સ અને યંગસ્ટર્સ માટે

● ઈન્ટરેક્ટીવ પધ્ધતિ જૈનીઝમ પર આધારીત કોર્સની સરળ અને રસપ્રદ ભાષામાં સમજણ આપવામાં આવે છે. રવિ, તા.૩ ડિસે. સવારે ૧૦ થી ૧૨, હવે આગામી બે મહિનાના બે સેશન બાકી. ટોપીક્સ મુજબ દરેક સેશનની લખેલી નોટસ આપવામાં આવે છે. મલાડ-ગોરેગામના ૧૪ વર્ષની ઉપરના દરેક યુવાઓને ફક્ત એકવાર આ સત્રમાં મોકલવા વિનંતી. અભી નહીં તો કભી નહીં.

● વધુ વિગત : 9322096225, 9819958741. સૌ. શ્રી તલકશી ભાણજી સતરા (લાખાપર) લિ. ઠાકરશી પદમશી.

2/1/1(21) -------- (A-15863)(4-2)

**મહાબળેશ્વર HOTEL SAKET PLAZA**

૨ રાત્રી તથા ૩ રાત્રીના પેકેજ. A.C લક્ઝરી ક્લબ, કોટેજ રૂમ, ઝાકુજી સાથે.

● AC કોચ દ્વારા ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા. પ્યોર વેજ, જૈન ફુડ, બ્રેકફાસ્ટ, લંચ, ડીનર, સાઈટ સીન.

● વોટર ફોલ, સ્વીમીંગ પુલ, પ્લે ગ્રાઉન્ડ, પાર્કિંગ, ઈન્ડોર, આઉટ ડોર્સ ગેમ સુવિધા. સાઉથ ઈન્ડીયન, પંજાબી, ચાઈનીઝ, ગુજરાતી સ્વાદિષ્ટ સાત્વિક મેનુ. શુભ પ્રસંગો અને અન્ય કાર્યક્રમો માટે Lawn ઉપલબ્ધ.

● સંપર્ક : નીતા ટ્રાવેલ્સ-8652222690, 8652222656, 8652222893, 28919125.

2/1/1(40) -------- (B-15896)(4-3)

**! ધમાકા - ઓફર !**

**'બહેનો માટે ખુશ ખબર' Buy 1 Get 1**

બહેનો માટે નાઈટવેરમાં કોર્ડસેટ, નાઈટ સુટ, કેપરી, પાયજામા, શોર્ટસ, નાઈટી, ટીર્શટસ અને યોગા વેર. ઉપરના તમામ પ્રોડક્ટસમાં એક પર એક ફ્રી છે. સાઈઝ અવેલેબલ M to 5xL ! Innerwear માં સ્પેશલ ડિસ્કાઉન્ટ! સમય : ૧૧.૩૦ થી ૮.૩૦ સુધી. એડ્રસ : કે.ડી. ગારમેન્ટ (LUGDO) શોપ નં. ૩૨, ૩૩, બીજે માળે, મોક્ષ પ્લાઝા, બોરીવલી (વેસ્ટ) Insta ID : Lugdo.in. પ્રકાશ મુરજી સાવલા મો.: 9892044317.

2/1/1(1) -------- (B-15842)(4-4)

**'ક્રિસ્ટલ ક્લિયર આંખની હોસ્પિટલ' (અંધેરી-વેસ્ટ)**

આંખની સંપૂર્ણ સારવાર.

● ૧૦,૦૦૦/- થી ૧,૩૧,૦૦૦ સુધીના ઓપરેશન માટે 0% EMI ફેસિલીટી મળશે (પૂર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી) સંપૂર્ણ મેડિક્લેઈમ કવરેજ મળશે.

● (૧) લેઝર દ્વારા મોતિયાનું ઓપરેશન (ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ મલ્ટિફોકલ લેન્સની સુવિધા, લેટેસ્ટ હાયબ્રીડ લેન્સ ઈમ્પ્લાન્ટ) (લેટેસ્ટ હાયબ્રીડ લેન્સ પેકેજ ફક્ત ૭૦,૦૦૦/-)

● (૨) ડાયાબીટીસના દર્દી માટે આંખના પડદાની તપાસ તથા પડદાના લેઝર અને ઈન્જેક્શનની સુવિધા

● (૩) ઝામરનું સંપૂર્ણ ડિયાગ્નોસિસ અને ટ્રીટમેન્ટ.

● (૪) ત્રાંસી આંખને સીધી કરવાનું ઓપરેશન

● (૫) ચશ્માના નંબર કાઢવાનું ઓપરેશન

● (૬) નાના બાળકોના આંખની તપાસ અને સાચા ચશ્માના નંબર મળશે

● (૭) જસ્ટ બોર્ન બેબીના આંખના પડદાની તપાસ

● સમય : સવારે નવ વાગ્યાથી સાંજે નવ વાગ્યા સુધી (9 am to 9 pm) ફોન : 7718885245, 022-49784878.

● લોકેશન : A-1, લારામ સેન્ટર, સુનિલ જ્વેલર્સની ઉપર, એસ.વી. રોડ, અંધેરી -વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે.

● રજીસ્ટ્રેશન ફી - ૫૦૦ રૂપિયા (મફત પડદાનો ફોટો)

● ડો. જીગ્નેશ માનસીભાઈ અવચર ગાલા.

● {FRCS (Glasgow) (UK), MRCS (Edinburgh) (UK), FICO (London), FLVPEI (Hyderabad)}

2/1/1(9) -------- (B-15709)(4-5)

**ઘર બેઠા તમારી સાચી જરીના માલની રોકડી કરો**

સાચી જરીની સાડી-ચણીયા ચોળી

● સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા

● સાચી જરીના સેલા- કાંજીવરમ- પૈઠણી

● સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા ચોળી

● સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરના ચંદરવા-પોઠીયા

● સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી

● બજાર કરતાં વધારે ભાવ આપવાની ગેરંટી સાથે વેંચવા લઈ આવો.

● અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો. અમે તમારા ઘરે આવીને તમારી સાચી જરીની Item પ્રમાણે રોકડા પૈસા આપીશું.

● બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.

● Free Home Visit any Where any Time

● રોકડા પૈસા સંતોષ કારક વળતર - One Shot Final મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No.2, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (w) Opp. "SEASON'S" શો-રૂમ (રવિવાર બંધ). M.: 9137146272 - 9619554801.

4/1/1(17) -------- (B-15560)(4-6)

**'રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં'**

**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેક્શન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500 / 24150572

2/1/1(12) -------- (N-15642)(4-7)

**દેશ વિદેશ કુરિયર 24x7**

કુરિયર ડિલીવરી in Mumbai, outside Mumbai and within India COD સર્વિસથી કરવા અનુજ સંગોઈ (નાંગલપુર) ને ફોન / Whats app કરો. Vacuum Packing Available. All India Free Pick Up Service PAC n DELIVER. M - 8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(16) -------- (B-15578)(4-8)

**પાટણ ઘી... પાટણ ઘી...**

અમારી પાસે સિધ્ધપુર પાટણનું પ્રખ્યાત શુધ્ધ દેશી ઘી મુંબઈમાં ન... નફો... ન... નુકસાન....ના ભાવમાં અમારા અને અમારા ગ્રાહકો દ્વારા વાપરીને... ખાતરી કરેલ પાટણનું પ્યોર ઘી...

● ૨ કિલો... ૫ કિલો... ૭.૫ કિલો પાટણનું ઘી પેકીંગમાં મળશે.

● ૪ કિલો ઉપર વિરાર ટુ ચર્ચગેટ ડીલીવરી ફ્રી...

● ગુણવંતી કારીઆ-સાંતાક્રુઝ 9819273221 - 9833480014 - 9819273221.

4/1/1(19) -------- (B-15445)(4-9)

**પ્રીમીયમ ડ્રાયફ્ટ**

ક્વોલીટી અને સ્વાદના રસીયાઓ માટે, ફક્ત પ્રીમીયમ ક્વોલીટી અને વ્યાજબી ભાવ કોઈપણ ડ્રાયફ્રુટના ભાવ સરખાવી જુઓ. એકવાર મંગાવી ખાતરી કરો. ઓર્ડર માટે : બ્રિજેશ છેડા (ફ્રી ડીલીવરી). 9930408784, 9833284316.

2/1/1(18) -------- (B-15502)(4-10)

**૬ વર્ષથી સખત દુખતા ઘુંટણ મટી ગયા ઓપરેશનથી બચી**

હું જ્યોતિ કે. ગાલા. મને ૫૮ વરસની ઉંમરમાં ઘુંટણ દર્દની તકલીફ થઈ ગઈ હતી. હોલથી રસોડા સુધી પણ ચાલવા જાઉં તો આંખોમાંથી પાણી આવી જતું, મારો આખો દિવસ પીડામાં જતો, ઘણી દવાઓ કરી પણ ફરક ના પડ્યો. પીડાથી લાચાર થઈને એક જગ્યા પર બેઠા રહેવું પડતું હતું. છેલ્લે મારા ઘુંટણ દર્દની સમસ્યાનું ઉકેલ ધન્વંતરીથી જ થયું. એમને મારા ઘરે આવી ને મારા ઘુંટણ તપાસ્યા, ક્યાં દુઃખે છે અને કેમ દુઃખે છે એ સમજ્યા, ધન્વંતરીનો ઉપચાર કરીને યુરીક એસીડ ઘટી ગયું, ઘુંટણ દર્દ, ગેસ, સંધીવા, પીઠનો દુઃખાવો, થાક આ બધી સમસ્યાઓ નીકળી ગઈ, હવે ચાલવામાં બિલકુલ દુઃખાવો નથી થતો, પલાંઠી વાળીને બેસી શકું છું. પગથીયા ચડવા-ઉતરવામાં તકલીફ નથી થતી. મારા આખા શરીરનો ઘર બેઠા કાયાકલ્પ થઈ ગયો. ધન્યવાદ ધન્વંતરી ઔષધાલયનો. ૭૭૧૫૮૯૬૨૬૧.

4/1/1(11) -------- (B-15681)(4-11)

**સ્વરોસ્કી ડાયમંડમાં તમારી ડીઝાઈન મુજબ ચાંદીમાં મેક ટુ ઓર્ડર બનાવી આપશું**

સ્વરોસ્કી ડાયમંડમાં ને. સેટ, પેં. સેટ, બેંગ્લસ, બ્રેસલેટ, વીંટી, બાલી, બુટી રેડી તમારી ડીઝાઈન મુજબ બનાવી આપશું. સોલીટેરમાં ટોપ્સ પેચ ચાકીવાળા.

● ટેમ્પલ જ્વેલરી, મોતી ક્રીસ્ટલમાં બાંધેલા પેં. સેટ, ચોકર, મધર ઓફ પર્લમાં પેં.સેટ.

● જુનુ લાવો નવું લઈ જાઓ. બીજે ક્યાંથી લીધેલા જુના ડેમેજ થયેલા પોલીશ ખરાબ થયેલા દાગીના બદલી કરી નવી આઈટમોમાં ૩૦ થી ૫૦% છુટ. આઈટમ જોઈને ભાવ નક્કી થશે. 'પરી ડાયમંડ' માટુંગા (સે.રે.) શો.નં. ૧૮, ૧૯, શાસ્ત્રી માર્કેટ. મો. ૯૮૨૦૭૩૨૫૦૪.

4/1/1(14) -------- (B-15614)(4-12)

**શ્રી ફુરીયા નુખ મુળ સ્થાન (બિદડા) શ્રી ખેતરપાળ દાદા-શ્રી અંબે માતાનું મંદિર**

**શ્રી ફુરિયા નુખ મૂળ સ્થાન (બિદડા) - શ્રી ખેતરપાળ દાદા અને શ્રી અંબે માતાનું મંદિર ખાતે પૂ. માતાજીને નમતા સમસ્ત કંઠી, અબડાસા અને વાગડના સર્વે ભાવિકો અને નિયાણી બહેનો સહપરિવાર જોગ, આપણા શ્રી ફુરિયા ભાવિકોની મુંબઈ ખાતેની સમૂહ પહેડી રવિવાર, તા. ૩૧/૧૨/૨૦૨૩ ના સવારના ૮ વાગે શ્રી ક.વિ.ઓ.દે.જૈન મહાજન સં. ચીંચબંદર મહાજનવાડી, સેન્ડહર્સ્ટ રોડ ખાતે રાખવામાં આવેલ છે. તો આ દિવસ આપણા માતાજીના નામે નોંધી રાખવા વિનંતી. કાર્યક્રમની રૂપરેખા ટુંક સમયમાં પત્રિકા દ્વારા જણાવવામાં આવશે. દાતા પરિવારો આવકાર્ય. વિશેષ માહિતી માટે સંપર્ક : હસમુખ દામજી ફુરિયા : મો. ૯૩૨૪૬૬૩૬૦૦/૯૯૩૦૬૬૩૬૦૦, કિરીટ ખીમજી ફુરિયા (રાજા) : મો. ૯૩૨૦૧૭૫૭૫૧, નેમચંદ લખમશી ફુરીયા : મો. ૯૦૦૪૨૩૮૧૨૦, કચ્છ સંપર્ક : દર્શન કાંતીલાલ ફુરીયા : મો. ૯૯૭૯૪૪૯૪૬૬. લિ. મંત્રીઓ.**

4/1/1(1) -------- (B-15855)(4-13)

**વરસાદ પછી જગ્યામાં રંગ-રોગાણ, રીપેરીંગ, ઈન્ટીરીયર કરાવો છો?**

વરસાદના લીકેજ। રેચથી ખરાબ થયેલ ઘર કે વ્યવસાયની જગ્યાને ન્યૂ લુક આપવા માટે રંગ-રોગાણ-રીપેરીંગ - રીનાવેશન-ઈન્ટીરીયર કરાવવામાં આવે છે, ત્યારે લીકેજ / રેચની સમસ્યાથી છુટકારો મેળવવા રાજા & રાજાને બોલાવી, તોડફોડ વિનાની અદ્દભુત રાજ ટેકનોલોજી વડે વોટરપ્રુફીંગ કરાવવાથી વર્ષો સુધીની નિરાંત થઈ જાય છે! CALL : 08070810101. (નોંધ : અમારી કોઈ બ્રાંચ નથી. માટે સાવધાન).

4/1/1(2) -------- (B-15819)(4-14)

**'સુખ સમૃધ્ધિની વૃધ્ધિમાં સોનાની ખરીદી લાભદાયી બને છે'**

કચ્છી પરિવારોના લોકપ્રિય શોરૂમ અનમોલ જ્વેલર્સમાં આપનું સહર્ષ સ્વાગત કરે છે. ૯૧૬૦ (૨૨ કેરેટ) હોલમાર્ક ક્વોલિટી વ્યાજબી ઘડામણી. અલભ્ય ફેશનમાં દાગીનાનું કલેકશન. ઓછા વજનમાં મોતીમાં, ફેન્સી વીટી, પેન્ડલ સેટ, ટોપમાં વેરાયટી. એન્ટીક કુંદન, રોડીયમના સેટસ. ઈટાલિયન પેનડલ સેટ + સેટસ. રીયલ ડાયમંડમાં ૧૮ કેરેટ હોલમાર્ક વાળા તથા I.G.I. સર્ટીફાઈડ અને બાયબેક ગેરંટી સાથેની જ્વેલરીઓ. હેવી & લાઈટ વેઈટમાં ભરપુર રેડી સ્ટોક. આત્મીયતા સભર-પ્રમાણીક વહેવાર, સાથે પસંદગીમાં મીઠી મુંઝવણ અનુભવો એટલા દાગીના જોવા/ ખરીદવા પધારો. અનમોલ જ્વેલર્સ પરેલ ટી.ટી. કચ્છ - ફરાદીવાલા. શાંતીભાઈ દેઢીયા ફોન નં. 9664016668.

4/1/1(5) -------- (B-15774)(4-15)

**જુની જરી માટે જુનું નામ શ્રી મહાવીર એમ્બ્રોઈડરી માટુંગા**

સાચી જુની જરીના ઘરચોળા સાચી જરીની સાડીઓ બોર્ડર ચ. ચોળી સાચા બનારસી સેલા બટકસબની સાડીઓ નાના પીસીસ સારા ભાવે વેંચાતા લઈશું. કેશ પેમેન્ટ શ્રી મહાવીર એમ્બ્રોઈડરી ફુલ ગલ્લીની સામે HDFCની બાજુમાં, માટુંગા ટે. ૨૪૦૨૫૦૭૦, ૮૬૫૨૨૩૯૫૩૭ - ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ.

4/1/1(15) -------- (B-15592)(4-16)

# જીવદયા અનુદાન

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)**

૫૦૦૦/- અરૂણા જયેશ માલદે-લાખાબાવડ, ૫૦૦૦/- જયેશ નેમચંદ માલદે- લાખા બાવડ, ૫૦૦૦/- સરલા સુભાષ ગડા-ખુટીયાર, ૫૦૦૦/- ચંદુલાલ દેપાર જખરીયા-મોટા લખીયા, ૫૦૦૦/- નેમચંદ દેપાર જખરીયા-મો. લખીયા, ૫૦૦૦/- વીરચંદ દેપાર જખરીયા-મો. લખીયા, ૫૦૦૦/- રંજનબેન રમણીકલાલ માલદે-ચેલા. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે. 7506808866 / 9004646044 / 022-24111105 / 022 - 66153404.

4/1/1(6) -------- (A-15763)(6-1)

**ઓમ શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર ના.સો.સ. ઉમરગામ પાંજરાપોળ**

શ્રી પાર્શ્વચંદ્ર ગુણ પુનમ ગુરવે નમઃ ૨૧૦૦/- શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન સંઘ - બોરીવલી-ઈ.ના ગુરૂભક્તો તરફથી જીવદયામાં પ્રેરક કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના વર્ધમાન તપોનીધી પુનમ-શુભ-કોકીલ શિશુ પ.પુ. સુરભીબાઈ મહાસતીજી ૫૦૧/- પુરવ કિશોરભાઈ વિસરીયા-દેશલપુર-પાર્લા, ૫૦૧/- જવેરબેન ખીમજી ગડા હ. અરૂણા વસંત ગાલા-ત્રગડી-પાર્લા-દહીંસર, ૫૦૧/- પ્રફુલ મણીલાલ કેનિયા-બારોઈ-વાશી. દાતાશ્રીઓનો આભાર. લી. ટ્રસ્ટીગણ. જનક નિશર : ૯૮૨૦૫૦૯૦૬૩.

2/1/1(20) -------- (A-15865)(6-2)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ. જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

૧૦૦૦૦/- રૂા. માતુશ્રી લક્ષ્મીબેન ડાહ્યાલાલ ગાલાની માસિક પુણ્યતિથી નિમિત્તે - વાંદરા-લાકડીયા

- ૫૫૦૦/- રૂા. માતુશ્રી નાનબાઈ જીવરાજ ગોગરી-કપાયા હ. જીનલ શાશ્વત છેડા-બિદડા
- ૫૫૦૦/- રૂા. શ્રી અમિત મોહનલાલ ગાલાના આત્મશ્રેયાર્થે હ. જીનલ શાશ્વત છેડા-બિદડા
- ૫૧૦૦/- રૂા. પ્રવિણ ઠાકરશી છેડા-બિદડા-માટુંગા
- ૫૧૦૦/- રૂા. મુલજીભાઈ મીઠુભાઈ ગાલાના આત્મશ્રેયાર્થે ૩૧૦૦ રૂા. ઘાસચારો + ૧૦૦૦ રૂા. કબુતરને ચણ + ૧૦૦૦ રૂા. કૂતરાને રોટલા હ. સપરિવાર તરફથી-વાંકી-ગ્રાંટરોડ.
- ૫૦૦૧/- રૂા. માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી શામજી વીરા-બિદડા.
- સંપર્ક : દિનેશ દેઢીયા : 9833660255, શશીકાંત છેડા : 9869864797

2/1/1(38) -------- (A-15894)(6-3)

# શ્રદ્ધાંજલી

**પૂ. રતનશી પુનશી વિસરીયા (કોડાય) ૨૪મી 'પૂન્યતિથિ' એ શ્રદ્ધાંજલી**

આપના હૈયાની હુંફ અને શબ્દોનો સથિયારો અમારા જીવનનું પ્રેરણા બળ હતા. આપના અંતરની ઉર્મીઓ અને સત્કાર્યની સમજ અમારા જીવન માટે પથદર્શક હતા. આપનું આત્મબળ, સંકલ્પ અને સંનિષ્ઠા અમારા માટે શક્તિ સ્ત્રોત હતા. આપની વિદાયથી અમોએ આત્મજન અને માર્ગદર્શક ગુમાવ્યા છે. અમારી હરક્ષણને અમારા શ્વાસ તમામ છે આપને સમર્પણ, ચરણ સ્પર્શ પ્રણામ અમારા. લી. આપની સુપુત્રીઓ પવિત્રા રતનશી વિસરીયા (કોડાય), અ.સૌ. સુમિત્રા જયંત શેઠીયા (ભુજપુર).

2/1/1(25) -------- (B-15869)(6-4)

# પ્રોપર્ટી

**દાદર, માહિમ, લોઅર પરેલ, માટુંગા, સાયન**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, દુકાન, ફ્લેટ ભાડેથી / વેંચાતા લેવા / વેચવા કેતન ગાલા : 9892077714 / 9167759077 / 7045505510.

- રેડીમેડ ગારમેન્ટ હોલસેલ / મેન્યુફેક્ચરીંગ યુનિટ અને ઈંડસ્ટ્રીયલ ગાળા ૨૦૦ થી ૩૦૦૦ સ્કવેર ફીટ જગ્યા મળશે.
- ડોક્ટર, સી.એ., વકીલ, કોર્પોરેટ ઓફિસ મળશે.

2/1/1(22) -------- (B-15857)(6-5)

**દાદર (વેસ્ટ)**

હવા ઉજાસવાળો ૧ બેડ ફ્લેટ, કબુતરખાના-દેરાસરની સામે, હાયર ફ્લોર, રેડીપઝેશન, 'કોલો રેસીડેન્સીમાં' ૧ કાર પાર્કિંગ સાથે વેંચાણથી. ઓનર : ધીરજ- 9820798307.

2/1/1(26) -------- (B-15888)(6-6)

**પ્રોપર્ટી ડોંબિવલી ઈસ્ટમાં મોકાની દુકાન વેંચાણથી**

અનાજની સેમી હોલસેલ- રીટેલ-સુપર માર્કેટ દરેક ધંધાને અનુરૂપ ડોંબિવલી ઈસ્ટમાં રેલ્વે સ્ટેશનથી પાંચ મીનીટના વોકીંગ અંતરે. રામનગર અનાજ માર્કેટમાં ૭૮૫ સ્કે.ફુટ (ટાઈટલ ક્લીયર) ઓનરશીપ મોકાની દુકાન વેંચાણથી વ્યાજબી ભાવે મળશે. સંપર્ક : ખુશાલ દેઢિયા (ભોરારા) મો.: 9324364418.

2/1/1(35) -------- (A-15877)(6-7)

**FLAT FOR SALE (GHATKOPAR EAST)**

2 BHK FLat, 670 usable Carpet, Fully Furnished, 90ft Road touch Bldg, 3 Side Open, Higher Floor, Vastu Compliance, 1 Car Parking. Contact : Pratik Chheda : 9967035555.

2/1/1(34) -------- (B-15878)(6-8)

**બોરીવલી (વેસ્ટ)**

COMING SOON - સ્ટેશનથી ૧ મિનીટ વોકીંગ, ૧.૫ એકરમાં ૨-૩ બેડ, ૪૦૦૦૦ સ્કે. ફૂટની એમેનીટીસ સાથે ભવ્ય લે-આઉટ. પ્રીલોન્ચ ઓફર માટે સંપર્ક : ભાનુ પ્રોપર્ટીઝ - ૯૯૩૦૨૧૯૦૩૧, ૯૬૧૯૭૩૮૧૮૨.

2/1/1(33) -------- (B-15879)(6-9)

**વિલેપાર્લે (પુર્વ)**

૩ બેડ અને ૪ બેડ નવા બંધાતા ટોવરમાં Balcony સાથે. Fresh બિલ્ડીંગ ૧૨ માળના ૨ ટાવર. રૂફ ટોપ બધી જ એમીનીટીઝ. પોશ લોકેશન. Reva Possession -2025, વ્યાજબી ભાવ, Only Pure Veg. Best Investment option. Call - Paresh Nagda # 8097839330 / 8779694199.

2/1/1(27) -------- (B-15887)(6-10)

**કબજો માર્ચ ૨૦૨૪, કૈલાસ આશીષ ૯૫% કામ થઈ ગયું છે લીફ્ટ શરૂ થઈ ગઈ છે**

ઘાટકોપર (ઈ.) ૯૦ ફીટ રોડ, દેરાસર લેનની સામે, 13 Storey Tower, 1/2/3 BHK, 985-506-583-735. RERA No. P51800045948.DNK Developers : 022-25014177, 25014699.

4/1/1(30) -------- (N-15886)(6-11)

**પુનડી સ્થાને નમતા મારૂ નુખની મોમાય માતાજીની પહેડી**

પુનડી, લાખાપુર, ભોરારા, નાની ખાખર, પત્રી, બિદડા ગામના ભાવિકો અને નિયાણી બહેનો સહપરિવાર હર્ષ સાથે જણાવવાનું થાય છે. તા. ૧૭-૧૨-૨૦૨૩ રવિવાર માગસર સુદ-૫ સ્થાનક હોલ, એસ.વી.રોડ, કાંદીવલી (વે.) મધ્યે રાખેલ છે. પહેડી આનાફોડથી હોવાથી એક આનાના રૂા. ૫૦૦/- રાખેલ છે. બીજી વિગત આગળની પત્રિકામાં આવતી રહેશે. લી. કમીટી કલ્પેશ મારૂ : ૯૭૬૫૩૯૨૭૦૦, સુધા મારૂ : ૯૮૬૭૯૯૮૫૧૦.

2/1/1(41) -------- (B-15910)(6-12)

**વિખ્યાત ડો. જય સાવલા દ્વારા ફ્રી આઈ કેમ્પ**

૧૭ વર્ષથી ફ્રી આઈ કેમ્પ કરી નામના મેળવનાર ડો. જય સાવલા દ્વારા મફત આઈ કેમ્પ તથા રાહત દરે ઓપરેશન.

- જર્મનીના આધુનિક મશીન દ્વારા મફત આંખોની તપાસ
- જરૂરતમંદો માટે રૂા. ૩૯૦૦/-માં મોતીબિંદુ ઓપરેશન
- મેડીક્લેઈમ ધારકો માટે Cashless સુવિધા
- Lasik મશીન દ્વારા ચશ્માના નંબર Parmanent ઉતારવા રૂા. ૨૫૦૦૦/-
- ઝામર માટે કાયમી રાહત Alcon Express Implants સાથે ઓપરેશન
- શિબિર તારીખ : ૦૩/૧૨/૨૦૨૩, બપોરે ૨ થી ૪ વા.
- સ્થળ : જય પોલીક્લીનીક મેટરનીટી નર્સિંગ હોમ, શ્રીદત્ત એપાર્ટમેન્ટ, અમરશી રોડ, મલાડ (વે.) ૬૪.
- સંપર્ક : 9769026799.
- ડો. જય સાવલાને રોજ મળવાનો સમય સાંજે ૪ થી ૯. લિ. મંત્રીઓ.

2/1/1(8) -------- (B-15735)(6-13)

**મફત મોતિયાનું ઓપરેશન**

